તાત્કાલિક ડીલીવરી માટે મળો
શાહ કુરિયર એન્ડ સર્વિસ

અમદાવાદથી પ્રસિદ્ધ થતું દૈનિક
દિવ્ય ગુજરાત
DIVYA GUJARAT (DAILY)
સ્થાપના : ૩૧-૧-૧૯૯૯
Email : divyagujarat@yahoo.co.in

VINAY XEROX CORPORATION
For Quality Work
Contact : 2754 35 28

# વાઘ બકરી ટી ગ્રુપ દ્વારા શારદા મહિલા વિકાસ સોસાયટી સાથે જોડાણ

ચા ક્ષેત્રે મોખરે રહેલા ગુજરાતના વાઘબકરી ટી ગ્રુપે તાજેતરમાં સ્વૈચ્છિક કોર્પોરેટ સામાજીક પહેલ તરીકે વિકાસલક્ષી સંસ્થા સોસાયટી ફોર એજ્યુકેશન, વેલફેર એન્ડ એકશન (સેવા)-રૂરલની મહિલા પાંખ શારદા મહિલા વિકાસ સોસાયટી (એસએમવીએસ) સાથે જોડાઈને વિકાસ કાર્યો આગળ ધપાવવા તથા ઉત્કર્ષના હેતુથી બાળકોના શિક્ષણ માટે ગુજરાતના ઝઘડીયા તાલુકાના છેવાડાનાં ૧૨ ગામોના ઉત્કર્ષ માટે મોબાઈલ વાનનું દાન કર્યું છે. એસએમવીએસ શિક્ષણના હેતુથી મોબાઈલ વાનના



સંચાલન અને માવજતની કામગીરી સંભાળશે. ઝઘડીયાની શારદા મહિલા વિકાસ સોસાયટી દક્ષિણ ગુજરાતના છેવાડાના આદિવાસી ગ્રામ વિસ્તારોમાં વસતા લોકોના આરોગ્ય અને સમૃધ્ધિ વધારવાના હેતુથી યુવાનો અને બાળકોના બહેતર ભવિષ્ય માટે તેઓના સામાજીક સશક્તિકરણનુ કામ કરે છે.

ઝઘડીયાની ૨૦ થી ૩૦ કી.મી.ના વિસ્તારમાં આવેલાં ૧૨ ગામોમાં ખાસ કરીને બાળકોને ગણિત, વિજ્ઞાન, કૌશલ્ય, અને નીતિવિષયક જ્ઞાન આપવા માટેની પ્રવૃત્તિનો પ્રારંભ થઈ ચૂક્યો છે. આ અનોખી પહેલને કારણે અમલઝાર, દારીયા, શીયાલી, પડવાનીયા, પીપરીપાન, સિમધારા, નિમુદ્રા, ગુંડેચા-૨, ગુંડેચા-૩, સાંજલી, માલપુર અને મોટાસાંઝાની ૧૨ શાળાઓના ધોરણ ૧ થી ૮ના આશરે ૧૫૦૦ આદિવાસી વિદ્યાર્થીઓને લાભ થશે.